Extra No. 158

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **MONDAY, JUNE 15, 2026 / JYAISTHA 25, 1948**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ**

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૯/૨૦૨૬.-આસી. ડિવીઝનલ એન્જીનીયર, પશ્ચિમ રેલવે, આણંદે તેમના તા.૧૬/૦૩/૨૦૨૬ના પત્રથી આણંદ શહેર સ્થિત બ્રીન નં.૬૪૬ (તુલસી ગરનાળા) ની રોડની સપાટી અસમાન હોય, જેની સમારકામની જરૂરી રોઈ, -સદર કામકાજ માટે તુલસી ગરનાળાને આગામી ૩૫ દિવસ સુધી બંધ કરી સલામતીના હેતુથી સદર માર્ગ પર જતા તમામ પ્રકાર વાહનોની અવરજવર કરવા માટે પ્રતિબંધ કરી રોડ ડાયવર્ઝન કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અન્વયે નાયબ કલેકટરશ્રી, આણંદે તેમના તા.૦૮/૦૫/૨૦૨૬ના પત્ર નં.પીઓએલ/વશી/૨૩૦/૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર ક્ર.સીબી-૫/ડાયવર્ઝન/જાહેરનામું/૮૮૧૬/૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬ થી અત્રે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૧૪/૦૫/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ સુધી તમામ પ્રકારના વાહનોને ડાયવર્ટ કરવા નીચે મુજબનો હુકમ કરુ છું.

**હયાત રૂટ:**

આણંદ ગામડીથી ગુરૂવારા સર્કલ તરફ જતો રોડ.

**ડાયવર્ઝન રૂટ:-**

(૧) આણંદ ગામડીથી ગુરૂદ્વારા સર્કલ તરફ આવતા વાહનો ગામડીથી ગણેશ ચોકડી રેલ્વે ઓવરબ્રીજથી ગણેશ ચોકડી થઈ અમુલ ડેરી તરફ તથા આણંદ શહેર તરફ જઈ શકશે.

(૨) આણંદ શહેરથી તુલસી ગરનાળાથી ગામડી તરફ જતાં વાહનો અમુલ ડેરીથી ગણેશ ચોકડી થઇ ગણેશ ચોકડી રેલ્વે ઓવરબ્રીજના છેડાથી ગામડી તરફ જવાના રસ્તાથી ગામડી તરફ જઈ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા આસી. ડિવીઝનલ એન્જીનીયર, પશ્ચિમ રેલ્વે, આણંદ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૦/૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાના તા.૦૯/૦૩/૨૦૨૬ ના પત્રથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ પર આણંદ જિલ્લાના બોરસદ ગામે સુર્યમંદિર પાસે આવેલ માઈનોર બ્રીજ અતિભારે વરસાદથી નુકશાન થવાને કારણે જુનુ સ્ટ્રકચર નું સંપુર્ણ ડેમોલીશન કરવાનું હોય, જેથી ઉક્ત માઈનોર બ્રીજ ઉપરથી પસાર થતો તમામ પ્રકારના વાહનોની અવારજવાર માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. જે પરત્વે અત્રેની જાહેરનામા ક્ર.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૩/૨૬, તા.૧૭/૦૪/૨૦૨૬ થી તા.૧૭/૦૪/૨૦૨૬ થી તા.૧૭/૦૫/૨૦૨૬ સુધી ઉકત રસ્તા ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાના તા.૧૧/૦૫/૨૦૨૬ ના પત્રથી ઉક્ત જાહેરનામાંની મુદત આગામી તા.૧૮/૦૫/૨૦૨૬ થી તા.૧૮/૦૯/૨૦૨૬ સુધી લંબાવવા રજુઆત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-- ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૧૮/૦૫/૨૦૨૬ થી -તા.૧૮/૦૯/૨૦૨૬ સુધી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ પર આણંદ જિલ્લાના બોરસદ ગામે સુર્યમંદિર પાસે આવેલ માઈનોર બ્રીજ -ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરુ છું.

**હયાત રૂટ:-**

બોરસદથી વાસદ તરફ નો રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (બોરસદ ગામે આવેલ સુર્યમંદીર નજીક જર્જરીત માઈનોર બ્રિજના સ્થળ ઉપર)

**સુચિત વૈકલ્પિક રૂટ:-**

બોરસદ આણંદ ચોકડી થી સિંગલાવ ચાર રસ્તા થી ડાબી બાજુ વળી ત્યાંથી ૧૦૦ ફુટ રોડ ઉપરથી છોટાલાલ પાર્ક ચાર થી રાઠોડ ચોકડી ૧૦૦ ફુટ રોડ થઈને રાઠોડ ચોકડી પસાર કરી ત્યાંથી આગળ આવતી પાણી ની ટાંકી ત્રણ રસ્તા થી જમણી બાજુ વળી જતા બોરસદ વાસદ ચોકડી તથા ડાબી બાજુ વળતા બોરસદ વાસદ હાઈવે તરફ જઈ શકશે.

**હયાત રૂટ:-**

બોરસદ વાસદ ચોકડી થી બોરસદ આણંદ ચોકડી તરફ નો રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (બોરસદ ગામે આવેલ સુર્યમંદિર નજીક જર્જરીત માઈનોર બ્રિજના સ્થળ ઉપર)

**સુચિત વૈકલ્પિક રૂટ:-**

બોરસદ વાસદ ચોકડી થી બોરસદ વાસદ તરફ ના રોડ ઉપર જતા આગળ પાણી ની ટાંકી થી ડાબી બાજુ વળતા ત્યાંથી બોરસદ રાઠોડ ચોકડી ૧૦૦ ફુટ રોડ ઉપર આગળ જતા છોટાલાલ પાર્ક ચાર રસ્તા થી આગળ જતા સિંગલાવ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી ત્યાંથી વાસદ -ધર્મજ હાઈવે રોડ આવી શકે તથા ડાબી બાજુ વળી આગળ જતા બોરસદ સિંગલાવ ચાર રસ્તા થી જમણી બાજુ વળીને આગળ જતા બોરસદ આણંદ ચોકડી ચાર૨સ્તા તરફ જઈ શકશે.

**હયાત રૂટ:-**

રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ ઉપર બોરરાદ વાસદ ચોકડી થી બોરસાદ આણંદ ચોકડી તરફ તથા બોરસદ આણંદ ચોકડી થી બોરસદ વાસદ ચોકડી તરફ જતા ભારે વાહનો માટે વૈકલ્પીક રૂટ ઉપર જઈ શકશે.

**સુચિત વૈકલ્પિક રૂટ-**

(૧) બોરસદ વાસદ ચોકડી થી બોરસદ આણંદ ચોકડી તરફ જતા ભારેવાહનો માટે બોરરાદ વાસદ ચોકડી થી જમણી બાજુ બોરસદ વાસદ હાઈવે રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી બોરસાદ વધવાલા ટી-પોઈન્ટ થી ડાબી બાજુ વળી વાસદ થી ધર્મજ તરફ જતા હાઈવે ઉપર આગળ ચાલી પામોલ બ્રીજ નીચે આવેલ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી બોરરાદ આણંદ બ્રીજ ચાર રસ્તા થી જમણી બાજુ આણંદ તરફ જવાય તથા ત્યાંથી ડાબી બાજુ વળતા બોરસદ આણંદ ચોકડી તરફ જઈ શકશે.

(૨) બોરસદ આણંદ ચોકડી થી બોરસદ વાસદ ચોકડી તરફ જતા ભારે વાહનો માટે બોરસદ આણંદ ચોકડી થી આણંદ તરફ જતા આણંદ બ્રીજ ચાર ૨૨તા થી જમણી બાજુ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી જતા ધર્મજ વાસદ હાઈવે રોડ સાથે મળી આગળ ચાલી જતા દાવોલ બ્રીજ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી જમણી બાજુ વળી દાવોલ થી વધવાલા ટી-પોઈન્ટ સુધીના સર્વિસ રોડ નો ઉપયોગ કરી ત્યાંથી બોરસદ વાસદ ચોકડી તરફ જઈ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

**જાહેરનામુ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૧/૨૦૨૬.-Indian Institute of Technology Roorkee દ્વારા Joint Entrance Examination (Advanced) 2026 ની પરીક્ષા આગામી તા.૧૭/૦૫/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. જે અન્વયે અત્રેના જીલ્લામાં દર્શ ઈન્ફોટેક, ૩૦૭ થી ૩૧૪, ત્રીજો માળ, સીગ્મા કોમ્પ્લેક્ષ, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, ડી-માર્ટ ની ઉપર, વલ્લભવિદ્યાનગર, તા.જી.આણંદ, સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, સરદાર પટેલ એજયુકેશન કેમ્પસ, SPEC, બાકરોલ-વડતાલ રોડ, વલ્લભ વિદ્યાનગર, બાકરોલ તથા ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, મુ.ચાંગા તા પેટલાદ જી.આણંદ ખાતેના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે Chairperson, JEE (Advanced) 2026, IIT Bombay ll તા.૦૪/૦૫/૨૦૨૬ના પત્ર નં.IITB/JEE (Advanced)/2026 થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની તા.૧૭/૦૫/૨૦૨૬ ના રોજ સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધ :-**

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં કાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમિયાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

**અપવાદ :-**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોને હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોને ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં Joint Entrance Examination (Advanced) 2026 માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૧૬ /૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો.**

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૦૨/૨૦૨૬-આગામી તા. ૨૭-૨૮/૦૫/૨૦૨૬ ના રોજ મુસ્લીમ ધર્મનો બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર હોય તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૧૯/૦૫/૨૦૨૬ થી તા.૦૨/૦૬/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૧૬/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કાવ્ય / જાહેરનામુ/૧૩૩૯/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૧૯/૦૫/૨૦૨૬ થી તા.૦૨/૦૬/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહીં, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહીં.

**વિસ્તાર:**

સમગ્ર આણંદ જીલ્લો.

**ખુલાસો:**

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

**અપવાદ:**

આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

## જાહેરનામું

**:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો હુકમ::**

નં.પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર/૧૦૩/૨૬.-આગામી તા.૨૮/૦૫/૨૦૨૬ ના રોજ મુસ્લિમ ધર્મનો બકરી ઈદ' (ઈદ-ઉલ-અઝા) નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવવાના કારણે સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આવી પરિસ્થિતીને ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.જેથી તા.૨૭/૦૫/૨૦૨૬ ના ક,૦૦:૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ ક.૨૪:૦૦ નીચે મુજબનું જાહેરનામું (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામું જીલ્લામાં અમલમાં રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૨૧/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય./બકરી ઈદ/ જાહેરનામુ/૧૩૭૦/૨૦૨૬થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

આથી હું ઋતુરાજ દેસાઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર આણંદ જિલ્લાના હદવિસ્તારમાં તા.૨૭/૦૫/૨૦૨૬ ના ક.૦૦/૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ ક.૨૪/૦૦સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

(૧) કોઈપણ વ્યકિતએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે, મહોલ્લામાં વિગેરે જગ્યાએ જાહેર જનતાને દેખાય તે રીતે કલત કરવી નહી., તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી.

(૨) 'બકરી ઈદ' તહેવાર નિમિત્તે જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેકવા નહી.

વિસ્તાર:-

સમગ્ર આણંદ જીલ્લો

શિક્ષા:-

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલકે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે:

આજ તા. ૨૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

## જાહેરનામુ

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયેનો.**

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૦૫ /૨૦૨૬.-આણંદ જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ સરકારી કચેરીમાં ગેરકાયદેસર એજન્ટ તથા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા(એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે. આથી બિન-અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ અટકાવવા દરખાસ્ત કરેલ છે.

જેથી આવી પ્રવૃતિ અટકાવવા સારૂ જીલ્લાની તમામ સરકારી કચેરી ખાતે સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમ અથવા ઈસમોની ટોળીને જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G-AS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જીલ્લાની હદ વિસ્તારમાં આવતી તમામ સરકારી કચેરીઓએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પાડવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તિઓએ તમામ સરકારી કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમ તા. ૨૬/૦૫/૨૦૨૬ થી તા.૨૫/૦૬/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર:

આણંદ જીલ્લાની તમામ સરકારી કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાનો વિસ્તાર

શિક્ષા:

આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આથી હું આદેશ આપુ છું કે, આ જાહેરનામાની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા બહોળી પ્રસિધ્ધી કરાવવી, તથા સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિદ્ધ કરવી.

આ હુકમ અન્વયે હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છું.

મે આજરોજ તા. ૨૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

**હુકમ**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયેનો**

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૧૦૬/૦૬.-રાજયમાં જુદા જુદા જીલ્લાઓમાં આવેલ જળાશયો(નદી, તળાવ, નહેર, દરિયા)માં નહાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને લઈ સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ (વિશેષ), સચિવાલય,ગુ.રા., ગાંધીનગરનાઓની કચેરીના પત્ર ક્રમાંક : HD/ MSM/ e-file/ 8/ 2025/ 2718/ SB-1, તા.૦૫/૦૫/૨૦૨૫થી જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સૂચના થઈ આવેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૨૨/૦૫/૨૦૨૬ના પત્ર નં.એલઆઈબી/જોખમી/પ્રવાસીઓ જળાશયો/માહિતી/૧૩૮૦/૨૬ થી અત્રેના જીલ્લામાં આવેલ જોખમી/ભયજનક સ્થળોની યાદી સાથે અભિપ્રાય મોકલી આપેલ છે.

વાસ્તે હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ - ૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આણંદ જીલ્લાના હદ વિસ્તારમાં આવતા સામેલ યાદી મુજબના નદી, તળાવો, નહેર, દરિયા, તથા જળાશયોમાં કોઈપણ વ્યક્તિ / વ્યક્તિ સમૂહો / પ્રવાસીઓના પ્રવેશ કરવા પર તથા પરવાનગી વગર બોટીંગ પ્રવૃત્તિ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તા.૨૯/૦૫/૨૦૨૬ થી તા.૨૮/૦૬/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર:

આણંદ જીલ્લાના હદ વિસ્તારના સામેલ યાદી મુજબના તમામ નદી, તળાવ, નહેર, દરિયા, જળાશયો.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૯/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા -૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ

ન.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૭/૨૦૨૬.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા ધોરણ-૧૦ (એસ.એસ.સી) તથા ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહ / સામાન્ય પ્રવાહના ઉમેદવારોની પૂરક પરીક્ષા આગામી તા.૧૧/૦૬/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર મધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૨૦૨૬ના પત્ર નં.મઉમશબ/કજૂન-૨૦૨૬/પરીક્ષા/૨૫૮૧-૨૬૧૩થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા સૂચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ _ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૧/૦૬/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ દરમિયાન સવારના ૦૯:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધ -**

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૦૯:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓને મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

**અપવાદ :-**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોને હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજ દરમ્યાન આવા સાધનોને ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વાર ધોરણ-૧૦ (એસ.એસ.સી.) તથા ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહ / સામાન્ય પ્રવાહના ઉમેદવારોની પૂરક માટે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

## એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ પુરક પરીક્ષા - જૂન ૨૦૨૬

| ક્રમ | શાળાનું નામ | સરનામું | કેન્દ્ર સંચાલકનું નામ | મોબાઈલ નંબર | બ્લોક | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | શારદા હાઈસ્કૂલ, આણંદ | સ્ટેશન રોડ, આણંદ | પ્રદિપભાઈ પરમાર | ૯૪૬૮૪૦૩૨૨૨ | ૧૦ | ૩૦૦ |
| ૨ | જે.પી. ઠક્કર હાઈસ્કૂલ, આણંદ | એન.એસ.પટેલ સર્કલ પાસે, આણંદ | પ્રાકૃતભાઈ દવે | ૯૦૩૩૪૩૩૧૦૨ | ૧૦ | ૩૦૦ |
| ૩ | મંદિરા હાઈસ્કૂલ, આણંદ | ભાલેજ રોડ, આણંદ | નરેન્દ્રભાના પરમાર | ૯૬૭૪૪૩૯૨૩૦ | ૧૦ | ૩૦૦ |
| ૪ | વિમલ મિશનમ હાઈસ્કૂલ,આણંદ | ગામડી ના.આણંદ | કિરીટભાઈ ડી. ચાવડીયા | ૯૮૭૬૧૯૯૩૧૩ | ૮ | ૨૪૦ |

## એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ પુરક પરીક્ષા - જૂન ૨૦૨૬

| ક્રમ | શાળાનું નામ | સરનામું | કેન્દ્ર સંચાલકનું નામ | મોબાઈલ નંબર | બ્લોક | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડી.એન.હાઈસ્કૂલ, આણંદ | સ્ટેશન રોડ, આણંદ | ગીરીશભાઈ પટેલ | ૯૨૨૮૭૪૧૪૨૪ | ૧૦ | ૩૦૦ |
| ૨ | કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ | સ્ટેશન રોડ, આણંદ | નીરવકુમાર ત્રિવેદી | ૮૩૨૦૮૧૧૨૯૯ | ૧૫ | ૪૫૦ |
| ૩ | આણંદ હાઈસ્કૂલ,આણંદ | ટાઉન હોલ સામે, આણંદ | કુલીનભાઈ શાહ | ૯૮૯૮૨૬૪૬૨૬ | ૧૦ | ૩૦૦ |
| ૪ | એમ.યુ. પટેલ હાઈસ્કૂલ, વિદ્યાનગર | બાઈકાકા સ્ટેચ્યુ પાસે, વિદ્યાનગર | હસમુખભાઈ પાઠક | ૯૪૨૬૨૬૪૨૬૪ | ૮ | ૨૪૦ |
| ૫ | ટી.ચી. પટેલ હાઈસ્કૂલ, વિદ્યાનગર | નલિની કોલેજ પાછળ, વિદ્યાનગર | અમિતભાઈ ભટ્ટ | ૯૩૨૮૬૨૪૫૯૯ | ૧૧ | ૩૩૦ |
| ૬ | સી.વી.એમ. હાયર સેકન્ડરી એજ્યુકેશન કોમ્પલેક્ષ (આર.પી.ટી.પી.) | મોટા બજાર, વિદ્યાનગર | હેમંતભાઈ પટેલ | ૯૪૨૭૩૨૧૫૮૩ | ૧ | ૩૦ |

એસ.એસ.સી. પુરક પરીક્ષા - જૂન ૨૦૨૬

| ક્રમ | શાળાનું નામ | સરનામું | બ્લોક | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | SARDAR VALLABHBHAI PATEL HIGH SCHOOL | NR JAGANATH MAHADEV TEMPLE, KHETIVADI, ANAND ANAND DIST - ANAND | 10 | 300 |
| 2 | MAHATAMA GANDHI VIDYALAYA | AT PO MOGRI DIST-ANAND TAL ANAND DIST - ANAND | 12 | 360 |
| 3 | I.B PATEL E.M SCHOOL | OPP. VALLABH VIDHYANAGAR RAILWAY STATION, VALLABH VIDHYANAGAR, DIST - ANAND | 8 | 240 |
| 4 | M.U PATEL HIGH SCHOOL | NR KALAKENDRA COLLEGE OF FINE ART NANA BAZAR, VALLABH VIDHYANAGAR DIST - ANAND | 8 | 240 |
| 5 | CHAROTAR ENGLISH MEDIUM SCHOOL,ANAND | D.N.HIGH SCHOOL CAMPUS, STATION ROAD, ANAND | 15 | 450 |
| 6 | THE SALVATION ARMY ENGLISH MEDIUM HIGH SCHOOL | AMUL DAIRY ROAD ANAND ANAND DIST - ANAND | 10 | 300 |
| 7 | ST.XAVIER'S HIGH SCHOOL | AT GAMDI DIST-ANAND TAL ANAND DIST - ANAND | 12 | 360 |
| 8 | CHAROTAR MILLAT ENGLISH MEDIUM HIGH SCHOOL | BELOW OVER BRIDGE, BHALEJ ROAD, ANAND 388001 | 10 | 300 |
| 9 | T.V.PATEL HIGH SCHOOL V.V.NAGAR | SARDAR PATEL UNIVERSITY ROAD, OPP. HEALTH CENTRE, NANA BAZAR, V.V.NAGAR | 12 | 360 |
| 10 | SARDAR PATEL HIGH SCHOOL | AT.NR BUS STAND PO BORIAVI , TAL . ANAND DIST - ANAND | 12 | 360 |
| 11 | SHRI B. N. PATEL HIGH SCHOOL | NAVLI ,DIST-ANAND TAL - ANAND DIST - ANAND | 10 | 300 |
| 12 | SMT C J PATEL ENGLISH MEDIUM SCHOOL | KARAMSAD DIST-ANAND NR BUS STAND KARAMSAD TAL ANAND DIST - ANAND | 8 | 240 |

આજ તા. ૦૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.**

નં પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૮/૨૬.-નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૨૪/૦૪/૨૦૨૬ના ઓરલ ઓર્ડરની સુચના અનુસાર સભ્ય સચિવ, પ્રાણી કૂરતા નિવારણ સમિતિ અને નાયબ પશુપાલન નિયામકશ્રી, આણંદની તા.૦૧/૦૬/૨૦૨૬ ની દરખાસ્ત મુજબ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ગુ.પ્રા.ક.બોર્ડ/પ્રથા/E-Sarkar:-૧૦૭(૮૫) ૧૯૯૫-૨૦૯૬/૨૦૨૬, તા.૦૨/૦૫/૨૦૨૬થી થયેલ સુચના અનુસાર "ઉદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)" જેને ગ્લુ-બોર્ડ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે તે પ્રતિબંધિત છે. જેનો ઉપયોગ મોટાભાગે ઉદરોને પકડવા માટે થાય છે. જ્યારે ઉદર ગ્લુટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુક્ત કરવામાં અસમર્થ છે. જેના પરીણામે ડી–હાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024 સંદર્ભે તા.૧૮/૦૩/૨૦૨૪ ના ઓરલ ઓર્ડરથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ તા.૦૫/૦૯/૨૦૨૩ ના "ઉદર પકડવાની જાળ (ગ્લુટેપ)" ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ અંગેના પરિપત્રના ચુસ્ત અમલીકરણ બાબતે સચોટ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે. તેમજ પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ થયેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર આણંદ જિલ્લામાં "ઉદર પકડવાની જાળ(ગ્લુટ્રેપ)"ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આદેશ કરૂ છું.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ કરી કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામા આવે છે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામુ તા.૦૧/૦૬/૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

// શિક્ષા//

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો.**

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૦૯/૨૦૨૬.-અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને સ્થાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૩/૦૬/૨૦૨૬ થી તા.૧૭/૦૬/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૦૨/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કાવ્ય /જાહેરનામુ/૧૪૫૭/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ(G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૩/૦૬/૨૦૨૬ થી તા.૧૭/૦૬/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું

**વિસ્તાર :**

-(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહીં, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

**વિસ્તાર :**

સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

**અપવાદ:**

આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.11 14:34:47 IST